# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચીપકી બેઠા સત્તા પર વૃદ્ધો મોહ છોડતા નથી,
કાપવા બેઠા સમાજને સ્નેહ-સંપે જોડતા નથી,
છોડતા નતી પૂર્વગ્રહો અવરોધે વિચાર્યા વિના -
સૂતા રહે સદાય, ચૂંટણી સિવાય દોડતા નથી -

## હાઇકુ

ખૂર્શીદ ભૂખ્યા!
વિકલાંગોને પણ -
છોડતા નથી -
(દબંગી - સલમાન)

છે પોલં પોલ
પોપડાં ઉખેડી ને -
દબાઇ જશો!
(કેજરીવાલ!)

## ચિંતન

**રૂપ યૌવન સંપન્ના વિશાલ કુલં સંભવાઃ ।**
**વિદ્યાહીના ન શોભન્તે નિર્ગંધા ઇવ કિંશુ કાઃ ॥**

'ભલેને સ્વરૂપવાન અને યૌવનથી મસ્ત હોય, અને ઉચ્ચ-વિશાળ કુળમાં જન્મ્યો હોય, તો પણ જેમ ખાખરાના ફૂલમાં સુગંધ નથી હોતી ને તેથી જ તે શોભતાં નથી એમ વિદ્યા વિનાનો માનવી શોભતો નથી.'

વિદ્યા-અભ્યાસ-શિક્ષણ-તાલીમ-કેળવણી દ્વારા જ માણસનું ભણતર અને ઘડતર દીપી ઉઠે છે. માનવજીવનમાં સંસ્કારની સુગંધ શિક્ષણ દ્વારા આવે છે. જીવનના હેતુ-ધ્યેય-લક્ષની સમજ શિક્ષણ જ આપે છે.. શિક્ષણ વિનાનું જીવન એવું જંગલી ફૂલ જેવું છે જે દેખાવે તો રૂડું-રૂપાળું લાગે છે પણ પ્રસન્નતા અપાવે એવી સુગંધ ધરાવતું નથી.

સારાં-મોટાં-ધનિક કે સમૃધ્ધ-નામના ધરાવતાં પરિવારમાં જન્મ્યો હોય દેખાવમાં પણ રૂડો-રૂપાળો હોય પણ જો 'અભણ' હોય તો તેને વિચાર-સમજ અને વાણી હોતી નથી, પરિણામે તરત તેની મૂઢતા પરખાઇ જાય, પકડાઇ જાય છે.

એટલે કે ધન-સમૃધ્ધિ-સ્વરૂપ-કુળ માત્ર નહીં. જીવનમાં જરૂરી છે માત્ર વિદ્યા અને અભ્યાસ.

## સુવિચાર

- આપણે જેમ જેમ જીવનમાં પ્રગતિ કરીએ છીએ તેમ તેમ આપણને, આપણી મર્યાદાઓનો ખ્યાલ આવતો જાય છે - **ફ્રાઉડ**
- વ્યક્તિની વાણી જ એની યોગ્યતાનો અણસાર આપી દે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- યોગ્ય તક-અવસરના અભાવે આપણી 'યોગ્યતા'નું યોગ્ય મૂલ્ય ઘણીવાર અંકાતું નથી - **નેપોલિયન**
- સામાન્ય માણસ જે કામ મુશ્કેલીથી પૂર્ણ કરી શકે તે જ કામ યોગ્યતા ધરાવનાર વ્યક્તિ સરળતા પૂર્વક અને યોગ્ય રીતે કરી શકે છે - **એમાઇલ**
- યોગ્ય કામ, યોગ્ય સમયે, યોગ્ય રીતે પૂર્ણ કરી શકે તે જ તેના કર્તાની 'યોગ્યતા' સાબિત કરે છે - **શેરીડન**
- આપણી ફરજ પ્રત્યેની જાગૃતિ, જ આપણી 'યોગ્યતા' નો આધાર છે - **લોંગ ફેલો**

## બોધ કથા

આજે વેપારીઓ, ઇજનેરો, ડોકટરો, દવાવાળામાં માનવતા રહી નથી. ઘી, દૂધ, સિમેન્ટ, દવાઓ બધામાં ભેળસેળ કરી માનવ જિંદગીઓ સાથે ખેલ ખેલાય છે. રાષ્ટ્રપ્રેમ-માનવતા મરી પરીવાર્યા છે. માત્ર પોતાનો સ્વાર્થ અને પૈસાની જ પડી છે.

સ્વદેશ પ્રેમી, બંગાળી, સારા વિજ્ઞાની પી સી રોય, પ્રફુલ્લચંદ્ર રોયને દવાઓ બાબતનું સારૂં જ્ઞાન હતું. તે સમયના માત્ર આઠસો રૂપિયામાં દવા બનાવવાની કંપની કાઢી, અને અંગ્રેજોની દવાની કંપનીઓ સામે ટકી રહ્યા. દેશમાંથી મળતી વનસ્પતિઓનો ઉપયોગ કરી અસરકારક દવા બનાવતા હતા. પરિણામે અંગ્રેજી દવા સામે ટક્કર પણ ઝીલી શકાઇ અને તે દવા **કરતાં સસ્તી** પણ પડતી હતી.

દવા બનાવવામાં ચીવટ-ચોખ્ખાઇ-ખૂબ રાખે રખાવે - ભેળસેળનું તો નામ જ નહીં.

એકવાર દવામાં નાખવાનો વનસ્પતિનો રસ - આસવ બગડી ગયો, કિંમતી હતો. કર્મચારી રોય બાબુ પાસે આવ્યા અને કહ્યું, થોડો બે સ્વાદ થઇ ગયો છે પણ નૂકશાન નહીં કરે, કિંમતી છે એટલે એ ફેંકાય તો કેમ?

પ્રફૂલ્લચંદ્રની આંખ ફરી, સામે પ્રશ્ન કર્યો કેમ ફેંકાય નહીં? ભાઇ, આપણે માણસના શરીર સાજાં કરવા દવા બનાવીએ છીએ. દેશવાસીઓની તંદુરસ્તી સાથે ખેલ ન થાય. જાવ હમણાં ને હમણાં એ આસવ ગટરમાં નાખી દો!

પ્રફુલ્લ બાબુની એ સંસ્થાનું નામ - "બંગાલ કેમિકલ્સ."

# એક તરફ સ્ત્રીને પૂજનીય ગણીને એની પ્રસંશા કરનારો સમાજ બીજી તરફ એનું ક્રૂર શોષણ કરતો રહ્યો છે

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

ગયા અઠવાડિયે અમદાવાદ ખાતે એક કામ અર્થે જવાનું થયું. હું અને મારા ડેડ બેની સીટમાં બેસીને અલકમલકની વાતો કરતા હતા. અમે જે સ્ટેન્ડથી બેઠા હતા. એનાથી આગળના સ્ટેન્ડથી અમારી પાછળની સીટમાં બે ભાઇઓ બેઠા. એમની વાતચીતનો વિષય હતો. સ્ત્રીઓ હક અને અધિકારો. મને સાંભળવાની ઇચ્છા થઇ. મેં ધ્યાન દઇને તેમનાં સાંભળ્યું તો બારીની બાજુમાં બેઠેલા ભાઇ તેમની બાજુમાં બેઠેલા બાઇને કહી રહ્યાં હતા કે મિત્ર, એકવીસમી સદીએ સ્ત્રીઓની સદી છે. આ સાંભળીને મને આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો? શા માટે એકવીસમી સદી જ સ્ત્રીઓની સદી? શું અત્યાર સુધીમાં સ્ત્રીઓનો કોઇ ફાળો જ નથી? જો આવું જ હોય તો જીજાબાઇ, કુંતા માતા, અહલ્યાબાઇ આ બધી માતાઓને આપણે કેમ યાદ કરીએ છીએ? પુરૂષો એ વાત કેમ ભૂલી જાય છે કે સ્ત્રીઓ ના હોત તો તે પોતે, કયાંથી હોત? અત્યાર સુધીનાં દુઃખો, પીડાઓ, યાતનાઓ, મારપીટ અને અનેકઘણી માનસિક ટોણાઓનાં અંતે જયારે સ્ત્રીઓ હક માંગતી થઇ છે ત્યારે એમને જ્ઞાન આવ્યું કે એમની બોલતી બંધ કરવી હોય તો એમને રાજી રાખવી જરૂરી છે. ભલે ને એકાદ સદી એમના નામે કરવી પડે!

પરંતુ સ્ત્રીઓને સ્વતંત્રતા આપવી જોઇએ એવું સ્વીકારનારા પુરૂષો કેટલા? આપણા દેશમાં પરંપરાથી જ સ્ત્રીને પરતંત્ર માની લેવામાં આવી છે. બાળપણમાં એણે પિતાની છત્રછાયા હેઠળ જીવવાનું હોય છે. યુવાનીમાં પતિની રહેવાનું હોય છે અને વૃધ્ધાવસ્થામાં પુત્રોના આશરે પડી રહેવાનું હોય છે. સ્ત્રીનો અધિકાર બહુ બહુ તો રસોડાની રાણી કહીને બિરદાવવામાં આવી છે. શું સ્ત્રી પ્રસૂતિગૃહ અને સ્મશાનગૃહ વચ્ચે એકમાત્ર આ રસોડાની રાણી થવા સર્જાઇ છે?



આપણા મહાકાવ્યોમાં સ્ત્રીઓને સતી તરીકે ચીતરવામાં આવી છે. વળી, શાસ્ત્રકાળે એમ પણ કહ્યું કે જયાં, સ્ત્રીઓની પૂજા થતી હોય તો માનવજાતિએ સ્ત્રી સાથે દાનવ જેવું જ કામ કર્યું છે. મને ગમતું રામાયણનું એક પાત્ર જેને દુઃખો સિવાય કશું જ મળ્યું નથી તે સીતાનું પાત્ર. સીતાની વાત કરીએ તો એને એને એના પતિ રામ તરફથી કયું સુખ મળ્યું તે કહી શકશો ખરા? જયારે સીતા લગ્ન કરીને અયોધ્યામાં આવી એનાં થોડા સમય પછી રામને ચૌદ વર્ષના વનવાસ માટે જવાનું થયું. પોતાના કોઇ પણ ગુના વગર આ સ્ત્રીએ ફક્ત પતિવ્રતાનો ધર્મ નિભાવા અને રામની ઇચ્છાઓને માન આપીને પોતાનું જીવન ધૂળધાણી કરી નાંખ્યું. એણે પતિની સાથે પતિની અનુકૂળતા ખાતર વનવાસ સ્વીકાર્યો. પતિનું વેર વાળવા માટે એને રાવણના હાથે અસહ્ય જુલમો સહન કરવા પડ્યા આટલા જુલમો સહન કર્યા પછી જયારે સીતા પાછી આવી ત્યારે એના ઉપર પવિત્રતાનું પ્રમાણપત્ર મઢાવવા માટે અગ્નિ પરીક્ષામાંથી હેમખેમ પસાર થયેલી સીતાને પણ એક મામૂલી ધોબીના કહેવાથી રામે ફરી પાછી જંગલમાં રખડતી કરી મુકી. એ પણ કેવા સમય જયારે સીતા મા બનવાની હતી. જયારે સીતાને એક સહારાની જરૂર હતી ત્યારે રામે ફરી સીતાને વનવાસ આપ્યો.

આવી જ દુર્દશા મહાભારતમાં દ્રૌપદીની થઇ છે. એના પિતાએ એને યોગ્ય મૂરતીયો મળી રહે તો માટે મોટો સ્વયંવર યોજ્યો હતો. એક માત્ર અર્જૂન મત્સ્યવેધ કરીને દ્રૌપદી માટે સુયોગ્ય ઠર્યો હતો. પરંતુ સ્ત્રી જાણે ખાવાની વસ્તુ હોય એમ કુંતા માતાના અજાણ્યા કહેવાઇ ગયેલા શબ્દો અનુસાર પાંચ પાંડવોની એ પત્ની બનીને રહી. આનાથી વધારે દુર્દશા બીજી કંઇ હોઇ શકે?

એક તરફ સ્ત્રીને પૂજનીય ગણીને એની પ્રસંશા કરનારો સમાજ બીજી તરફ એનું ક્રૂર શોષણ કરતો રહ્યો છે. સ્ત્રી એના પતિ માટે બધું જ કરી છૂટવા તૈયાર પરંતુ પુરૂષ એને ફક્ત પોતાની વાસનાનું રમકડું જ સમજતો રહ્યો. એના સૌંદર્યના ભરપેટ વખાણ કરતો રહ્યો. એના ઉપર કાવ્યો અને મહાકાવ્યો લખતો રહ્યો. પરંતુ અંતે તો સ્ત્રી ફક્ત એના ઉપભોગતાની વસ્તુ જ બની રહી. તે જ રીતે પુરૂષ ધન-સંપત્તિ અને પશુઓનો માલિક ગણતો હતો. તેજ રીતે તે એની સ્ત્રીઓ માલિક ગણાતો હતો. જો એમ ન હોત તો યુધિષ્ઠિર જૂગટું રમતી વખતે દ્રૌપદીને જુગટામાં હારી ગયા ન હોત.

પાંચ હજાર વર્ષ પહેલાં સ્ત્રીની જે સ્થિતિ હતી એમાં આજે કોઇ ઝાઝો ફરક દેખાય છે ખરો? હા, જમાનો બદલાયો છે. થોડા ઘણા માનસો બદલાયા છે. છતાં ય હજી પણ સ્ત્રી પુરૂષની અર્ધાંગિની જ ગણાય છે. હજી કોઇ સ્ત્રી પુરૂષને પોતાનું અડધું અંગ ગણી શકતી નથી! એ વાત સાચી છેલ્લા બસો વર્ષ દરમિયાન જે કેટલાંક ક્રાંતિકારી ફેરફારો થયા એમાં સ્ત્રીને મતાધિકાર મળ્યો. એને પુરૂષ સમોવડી ગણીને તમામ અધિકારો આપવાની ચર્ચાઓ થઇ, શરૂઆત પણ થઇ. કયાંક - કયાંક તો એને પોતાના બાળકના વાલી તરીકે સ્વતંત્ર રીતે એનું નામ લખવાની મંજૂરી પણ અપાઇ પરંતુ હજી આ બધી પ્રક્રિયા ઘણાં વર્ષો સુધી ચાલશે ત્યારે એનું ખરૂં પરિણામ જોઇ શકાશે. અત્યારે તો ફક્ત શરૂઆત થઇ છે અને તે પણ સ્ત્રી જાતિ ઉપર જાણે દયા ખાતા હોય તે રીતે પુરૂષ જાતિના પ્રતિનિધિઓ આવી છૂટછાટો આપવા લાગ્યા છે. સ્ત્રીઓને પુરૂષોની દયા ઉપર નહીં પરંતુ પોતાની તાકાત ઉપર ટકવું જોઇએ. એવી તાકાત સ્ત્રીમાં પહેલાં પણ હતી અને આજે પણ છે. શિક્ષણને કારણે સ્ત્રીમાં સ્વમાન જાગ્યું છે અને ઠેકઠેકાણે સ્ત્રીની સાચી તાકાતમાં પરચા પર દેખાવા લાગ્યાં છે.

એકવીસમી સદી શરૂ થતાં પહોં જ કિરણ બેદીએ પુરૂષોને માટે અનામત ગણાતું પોલીસનું કામ અપનાવીને દુનિયામાં ડંકો વગાડી દીધો હતો. પુરૂષો આઇ.પી.એસ. અધિકારીઓની સરખામણીમાં કિરણ બેદીનું કામ એટલું શ્રેષ્ઠ હતું કે આ માટે એમને દુનિયાનો પ્રતિષ્ઠિત મેગ્સેસે એવોર્ડ એનાયત થયો હતો. એથી યે પહેલાં આપણા જ દેશમાં લોખંડી વડાપ્રધાન તરીકે સેવાઓ બજાવનાર ઇન્દિરાજીએ આપણે કેમ ભૂલી શકીએ. સ્ત્રીમાં જે ઊંડી સૂઝ અને ઠંડી તાકાત છુપાયેલી છે તેનું જાજરમાન ઉદાહરણ એલે ઇન્દિરા ગાંધી. એટલે પાકિસ્તાનની એક પાંખ કાપી નાંખી હતી જેને આપણે અત્યારે બાંગ્લાદેશ તરીકે ઓળખીએ છીએ.

ફક્ત પૃથ્વી ઉપર જ કેમ ભારતીય સ્ત્રીએ હવે તો અંતરિક્ષ ઉપર પણ અડિંગો જમાવ્યો છે. હરિયાણાની દીકરી કલ્પના ચાવલાએ નાસાના વાયુયાનમાં અંતરિક્ષ ઉપર આદરેલું અભિયાન અધરું રહ્યું છતાં એનાં બલિદાનને દુનિયા સદીઓ સુધી યાદ કરશે. કલ્પના ચાવલાનું અધુરૂં સ્વપ્ન પૂરૂં કરવા આપણા ઝૂલાસણની લાડલી દીકરી સુનિતા અત્યારે અંતરિક્ષમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહી છે. કયારેક અંધારી રાતે આકાશ તરફ મીટ માંડીને પેલા ઉપગ્રહ તરફ જોવાની તસ્દી લીધી છે ખરી? ત્યાં રહેલી સુનિતા કેટલા વ્હાલથી ગાંધીનગરને અને ગુજરાતને નિહાળતી હશે.

# અહીં સંપાદકોએ 'ભાર વગરનાં ભણતરનાં' બાળગીતો મુક્યાં છે, જેથી બાળદોસ્તો માટે ગમતાનો ગુલાલ કરવાનો પ્રયાસ કર્યો છે, કારણ કે પ્રાથમિક શાળાનું બાળક ખૂબ જિજ્ઞાસા ધરાવતું અને ચેતનાનાં ફુવારા જેવું છે


## શબ્દ સમીપે

### વૈવિધ્યતાસભર બાળ ગીતોનો સંચય

- નટવર હેડાઉ

બાળ સાહિત્યના ભવિષ્ય અંગે એક વખત, એક સાહિત્યકાર મિત્રએ કહેલું કે જયાં સુધી બાળકો જન્મતાં રહેશે ત્યાં સુધી બાળ સાહિત્ય રચાતું રહેશે, વંચાતું રહેશે અને છપાતું રહેશે. પરંતુ આજકાલ વિપુલ પ્રમાણમાં સર્જાતા આવા બાળ સાહિત્યમાંથી બાળકોને રસ પડે, તેમની જીજ્ઞાસા સંતોષાય અને ગમ્મત સાથે જ્ઞાન મળે સાથે સાથે શૈશવના સૂર એ તેની કાલીઘેલી ભાષામાં રેલાવે તે માટે જુદી જુદી ત્રણ ભાષાઓ જેમ કે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનાં બાળ કાવ્યો ભેગાં કરી તેમાંથી નિરક્ષીર વિવેક દ્વારા બાળકોને ભણાવતા પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલાં શિક્ષકો તેનું સંપાદન થાય ત્યારે તો સોનામાં સુગંધ ભળે એમ કહેવું અસ્થાને નહીં ગણાય.

'શૈશવના સૂર' એક આવા જ પ્રકારનું સંપાદન છે. જેમાં સંપાદકોએ ત્રણ ભાષાના બાળગીતોનો સમાવેશ કર્યો છે. આ બધાં ગીતોની ખાસિયત એ છે કે સંગીતમય છે. ગાઇ શકાય એવાં છે. ઉપરાંત વિભાગ પ્રમાણે ગીતોની ગોઠવણી પણ ધ્યાન ખેંચે છે. પારિવારિક ગીતોમાં દાદા, પપ્પા, ભાઇ, બાપુ, મામા, માં, મિત્ર, બહેન વિગેરે પાત્રો આવે તો વળી 'પક્ષી ગીતો' માં કુકડો, ચકલી, કબૂતર, મોર, કોયલ, પોપટ અને રંગબેરંગી પતંગિયાનાં ગીતો પોતાના કલરવની દુનિયા આપણી સમક્ષ ખુલ્લી કરે છે. 'પ્રાણી ગીતો'માં ઉંદર, બિલાડી, ગાય, હાથી, દેડકો, સસલાં, ખિસકોલી, વાંદરા, સસલું, ગલુડિયાં, રીંછ વગેરે નાનાં મોટાં પ્રાણીઓનો મેળાવડો પણ જોઇ શકાય છે. 'પ્રકૃતિ ગીતો'માં ફૂલ, સુગંધ, બગીચો, ઝરણું, ચાંદો, તારલિયા, પંખી, સવાર વગેરેનાં સાંનિધ્યમાં બાળકોને કાવ્યાત્મક અનુભૂતિ થાય છે.'રમકડાં ગીતો'માં ઢીંગલી, ઘૂઘરીવાળા, ઘોડો, હોળી, મીક્કી




માઉસ, બાળકોનું મનોરંજન પૂરૂં પાડે છે. 'પ્રવેશોત્સવ' ગીતોમાં શાળામાં પ્રવેશ વખતે ગવાતાં જુદાં જુદાં લય-ભાવનાં ગીતોમાં તાલે સૌ ભૂલકાંઓ ઝૂમી ઊઠે છે.

'એક ગીતો' માં ગાણિતાના પ્રાથમિક જ્ઞાન સાથે મળતી ગમ્મત બાળકોને ગમે છે. 'વેશભૂષા ગીતો'માં કાઠિયાવાડી, દૂધવાળો, પીપુડીવાળો, પંડિત, ફૂગ્ગાવાળો, મંછા ડોશી, ઘોડાગાડી વાળો, કઠપૂતળી, ધોબી, દરજી, બેન્ડવાળો, વગેરેનાં પહેરવેશની જાણકારી આપતાં ગીતોથી બાળકોનું જ્ઞાન અને સમજણમાં વૃધ્ધિ થાય છે.'પ્રવાસ ગીતો'માં ગાડી, ગાડું, બસ, સાયકલ, ઘોડાગાડી, રક્ષાબંધન, ઉત્તરાયણ, દિવાળી, દેવ-દિવાળી, ગણેશ ચતુર્થી અને હોળી તેમજ રથયાત્રા જેવા તહેવારોની ઉજવણી બાળદૃષ્ટિએ કરવામાં આવી હોય એવાં ગીતો જોવા મળે છે. આ પ્રત્યેક વિભાગમાં ૨૦-૨૦ ગીતો સમાવાયાં છે. જેમાં ગુજરાતી ભાષાના ૧૫૪, હિન્દીના ૩૩ અને અંગ્રેજીના ૩૩ ગીતો છે. આ રીતે આ સંગ્રહમાં કુલ ૧૨૦ ગીતો સમાવવામાં આવ્યાં છે. તેથી જ જાણીતા લેખક ડો. કનૈયાલાલ ભટ્ટ 'શૈશવનાં સૂરોનું અનોખું ગુંજન' રૂપે તેમની પ્રસ્તાવનામાં જણાવેલ છે કે, 'આ ગીતોની બાળ સહજતા, જ્ઞાન-ગમ્મત અને બાળ માનસને ધ્યાન પર રાખીને પસંદગી કરવામાં આવી છે. તેથી આ ગીતોનું જે તે સર્જનનાં સંદર્ભ સાહિત્યિક મુલ્ય તો છે જ પરંતુ શિક્ષણ સંદર્ભે પણ એનું શૈક્ષણિક મૂલ્ય - સાંસ્કૃતિક મુલ્ય વિશેષ છે.' આ સંપાદનમાં બાળગીતોમાં મોટા ભાગે જાણીતા કવિઓની રચનાઓ છે. તો વળી, નવા અથવા ઓછા જાણીતા કવિઓની રચનાઓ પણ લીધી છે.


**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧૫મી ઓક્ટોબર

- હિન્દી ભાષાનાં તેજસ્વી સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા'ની પુણ્યતિથિ. ૧૭ વર્ષની વયથી લેખન કાર્ય કરનારા આ મહાન સર્જકે ૨૦ પુસ્તકો લખ્યાં.



- આઝાદ ભારતમાં પ્રક્ષેપાસ્ત્રો, મિસાઇલોનાં સર્જક મહાન વૈજ્ઞાનિક, પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામનો જન્મદિન ૧૫-૧૦-૧૯૩૧.

MITમાં એરોનોટિક્સનો ગહન અભ્યાસ કર્યો. અવકાશ વિજ્ઞાનક્ષેત્રે ભારતનાં ઉચ્ચકક્ષાનાં વૈજ્ઞાનિક, ભારતરત્ન, ઇન્ડિયા : એ વિઝન ફોર ધ ન્યુ મિલેનિયમ, ઇગ્નાઇટેડ માઇન્ડનાં લેખક, બાળકોમાં અતિપ્રિય.

- ૧૭૮૩ - રોઝિયર્સ - દુનિયામાં પહેલીવાર બલૂન મારફતે અવકાશમાં ઉડ્યો.
- ૧૬૦૮ - હવાભાર માપકના શોધક ટોરિસલીનો જન્મ.



- ૧૯૧૮નાં મંગળવારે એક્તાના પ્રતિક શિરડીનાં સંત સાંઇનાથ બાબાનું બપોરે ૨.૩૦ કલાકે અવસાન.

# કેબીનમાં પ્રવેશતાં જ તેમની આંખો ફાટી ગઈ, તેઓના શરીરમાંથી કંપારી છૂટી ગઈ, તેમણે જોયું તો મોનિકાની તસ્વીર સુખડના હાર સાથે દિવાલ ઉપર લટકતી હતી, મોનિકા તેમની તરફ જોઈ સ્મિત કરી રહી હતી

## નર્સ...એક પ્રેતકથા

### (ભાગ-૬)

### (રહસ્યનાં વમળમાં ઘૂમરાતી વાર્તા)

- હર્ષદરાય ઉપાધ્યાય

શિલ્પાનો સાદ સાંભળી ખૂણામાં એક ઓળો પ્રગટ્યો હતો. મોનિકાનું પ્રેત પૂંઠ ફેરવી ધ્રુજતું હતું. શિલ્પા પણ પતિના મોતને જાણે કે વિસરી ગઈ હતી અને એક અટહાસ્ય કરી... રહી. થોડી વારે નીચે જોઈ તેની આંખોમાંથી ડ..બ... ડ...બ... આંસુ પડવાં લાગ્યાં. મોનિકા ગાયબ થઈ ગઈ હતી.

નીચે દિવાન ખંડ ભરચક હતો. સૌ આશ્વાસન આપી દિલાસો આપી પાછા ફરી રહ્યા હતા. ધીરે ધીરે વળી પાછી એક ખામોશી બંગલામાં વર્તાવા લાગી હતી. શિલ્પા સફેદ વસ્ત્રોમાં હવે વિધવાનું જીવન જીવી રહી હતી.

બંગલો હવે જાણે કે ભૂતિયો બંગલો બનતો જઈ રહ્યો હતો. રાહુલ અને બે ત્રણ નોકરો સિવાય ઘરમાં - બંગલામાં કોઈ રહેતું ન હતું. ખબર પડતી ન હતી કે બંગલાને કોની નજર લાગી હતી?

સવા માસનો સમય વીતી ચૂક્યો હતો. બંગલામાં ક્યાંય મોનિકાનો વર્તારો ન હતો. સૂરજને ભરખી જઈ તેનો જાણે કે મોક્ષ થઈ ગયો હતો.

પણ શિલ્પાના બોલાવાથી આવેલ મોનિકાનું રહસ્ય હજુ અકબંધ હતું. મૃત્યુ પામેલી મોનિકાનું પ્રેત હવે ક્યાં ચાલ્યું ગયું હતું?

ખેર! જે હશે તે, આવતા સમયમાં હૃદય કંપાવે તેવું બંગલે બનવાનું હતું પણ કોઈને તે વાતની ખબર ન હતી.

બીજી તરફ ડોકટર કરમાકરની હોસ્પિટલ વીઆઈપી દર્દીઓથી ઉભરાતી હતી. ડોકટરની પાસે જરા પણ સમય ન હતો. પેશન્ટોની પાછળ ડોકટર પૂરતું ધ્યાન આપતા હતા. રવિવારે પણ તેમને રજાનો સમય મળતો ન હતો. છતાં બપોર પછી ઓપીડી તેઓ બંધ રાખી થોડોક આરામ કરી લેતા.

આજે રવિવાર હતો. થોડીક ફુરસદ હતી. વહેલા ઘેર જઈ પરિવાર જોડે સમય વિતાવવાનો તેઓ પ્લાન બનાવી રહ્યા હતા. ત્યાં તેમની રૂમના બારણે કોઈકે ટકોરા માર્યા. કદાચ કોઈ નર્સને કામ હશે તેમ સમજી તેમણે કમ ઈનનો જવાબ આપ્યો. બારણું ખુલ્યું અને સામે સફેદ વસ્ત્રોમાં શિલ્પા ઉભી હતી. તેના નિસ્તેજ જેવા ભાવવિહીન ચહેરા પાછળ મોટી વેદના છલકાતી હતી. તેના છુટ્ટા વાળ તેના રૂપને થોડું ડરામણું બનાવતા હતા.



ડોકટરે ઉભા થઈ શિલ્પાને સત્કારી ચેરમાં બેસવા વિનંતી કરી. એક તીખી નજર નાંખી શિલ્પા ખુરશીમાં ગોઠવાઈ ડોકટરે સૂરજના મૃત્યુની શોકની વાત કરી પછી પૂછ્યું, 'શિલ્પાબેન, કેમ તમારે આવવાનું થયું ? એવરીથીંગ ઈઝ ઓલરાઈટ? અરે! ફોન કર્યો હોત તો હું જાતે આવી જાત'

જવાબમાં શિલ્પા ભાવ શૂન્ય હસી, ઝીલી આંખ કરી ડોકટર તરફ જોઈ એક ગિફ્ટ પેકેટ તેમની તરફ ધર્યું અને બોલી, 'નો...નો... થેંક યુ. એવું કશું નથી આ માત્ર તમારા માટેની ભેટ છે. ખાસ સૂરજના આગ્રહથી તે બનાવી હતી. પણ સૂરજ હવે નથી રહ્યો. એટલે હું એકલી આપવા આવી છું.'

ડોકટરે હસીને જવાબ વાળ્યો. અરે! મને વળી શાની ગિફ્ટ હોય? પણ શિલ્પા વધુ બોલવાને બદલે ઉભી થઈ અને ગિફ્ટ ટેબલ ઉપર મૂકી દીધી અને જવાની રજા માંગી. ડોકટર પણ કશું સ્પષ્ટ સમજી ન શક્યા. માત્ર બોલ્યા, 'ઓ..કે... શિલ્પાજી આપનો આભાર... પણ કામ હોય તો જરૂરથી ફોન કરજો... આવજો...'

અને શિલ્પા ઝડપથી બહાર ચાલી નીકળી. તેના ગયા પછી ડોકટર વિચારે ચઢ્યા કે શા કારણથી મને આ ગિફ્ટ આપવામાં આવી છે? એવું તો શું છે આ ગિફ્ટમાં?

હળવેથી અને આતુરતાથી તેમણે ગીફ્ટ ખોલી અને તે જોતાં તે હતપ્રત બની ગયા. તે એકદમ ચમકી અને થોડા ગભરાઈ ગયા.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**